# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૪/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## જન્મતારીખ અને નામની અંદરના લેટરના વાઇબ્રેશન્સ વ્યકિતના જીવન ઉપર અસર કરતા હોય છે : ન્યુમરોલોજીસ્ટ અમિત ગાંધી

### ન્યુમરોલોજી શું છે? અને તે કઇ રીતે કામ કરે છે? તેના વિશે સેમિનાર યોજાયો

### સેમિનારમાં ચેમ્બરની લેડીઝ વીંગના તમામ ભૂતપૂર્વ ચેરપર્સનોનું સન્માન કરવામાં આવ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા બુધવાર, તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ન્યુમરોલોજી શું છે? અને તે કઇ રીતે કામ કરે છે? તે વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ન્યુમરોલોજીસ્ટ અમિત ગાંધી દ્વારા વ્યકિતની જન્મતારીખ અને તેના નામના લેટરના વાઇબ્રેશન્સની જીવન ઉપર પડતી અસરો વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારની શરૂઆતમાં ચેમ્બરની લેડીઝ વીંગના ભૂતપૂર્વ ચેરપર્સનોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં લેડીઝ વીંગના તત્કાલિન ભૂતપૂર્વ ચેરપર્સન પૂનમ કે. દેસાઇ તથા ભૂતપૂર્વ ચેરપર્સનો ઉષા આર. મારફતિયા, કલા એમ. શ્રોફ, ઉષા જે. બોડાવાલા, પ્રેમિલા એસ. કાપડીયા, દમયંતિ એમ. કાજીવાલા, નીના આર. પચ્ચીગર, રસિકા વી. બચકાનીવાલા, પુનિતા પી. શારદા, બિનિતા આર. ચોખાવાલા, બિમલા એ. ડોરા, લતા બી. ગાંધી, પ્રશ્યંતિકા પી. શાહ, નયના એન. ભરતિયા, નયના એ. શાહ, ડો. મીના ડી. માંડલેવાલા, નયના ડી. ચશ્માવાલા, કાશ્મિરા પી. નાણાવટી, રેખા એ. કાપડીયા, રેશમા એન. માંડલેવાલા, ડો. બંદના ભટ્ટાચાર્ય, છાયા આર. મહેતા, રોમા પી. પટેલ, ડો. અમિ કે. યાજ્ઞિક, પ્રફુલ્લા એમ. કતારગામવાલા, ચંદ્રિકા

સી. જરીવાલા, શીલા બી. અગ્રવાલ, ઉષા પી. શાહ અને પૂર્વી એચ. મહેતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સ્વર્ગવાસી આશા આર. ગજીવાલા અને અંજલિ સી. શાહની ચેરપર્સન તરીકેની કામગીરીને બિરદાવવામાં આવી હતી. લેડીઝ વીંગના ચેરપર્સનોએ પોતપોતાના અનુભવો વ્યકત કર્યા હતા.

ન્યુમરોલોજીસ્ટ અમિત ગાંધીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, દરેક વ્યકિતની એક જન્મ તારીખ હોય છે અને તેની સાથે એક નામ હોય છે. વ્યકિતના નામના અલ્ફાબેટની ફ્રિકવન્સી તેના જન્મ તારીખની સાથે મેચ કરીને સુંદર અને સફળ જીવન વિતાવી શકે તે દિશામાં ન્યુમરોલોજીસ્ટ દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. કારણ કે, વ્યકિતની જન્મ તારીખ અને તેના નામના અલ્ફાબેટની ફ્રિકવન્સી એ તેના જીવનની સફળતા, સમૃદ્ધિ, ખુશી, શાંતિ, આત્મ સંતુષ્ટી જેવી લાગણી સાથે જોડાઇ જાય છે.

એક રિસર્ચ મુજબ ૩ નંબર જેવા કે ૩, ૧૨, ૨૧ અને ૩૦ તારીખે જન્મેલી વ્યકિતઓનું વજન વધી શકે છે. આ વ્યકિતઓના નામનો પ્રથમ અક્ષર જો S હોય તો ચોકકસપણે તેઓનું વજન વધી શકે છે. આથી આ સમસ્યામાંથી બચવા માટે ન્યુમરોલોજી કરાવવામાં આવે તો વજનને ઘટાડી શકાય છે. પતિ – પત્નીના નંબર મેચ નહીં થતા હોય તો પણ તેઓના સંબંધોમાં ખટાશ આવી જાય છે અને કયારેક વાત છુટાછેડા સુધી પહોંચી શકે છે. આથી પતિ – પત્નીના સંબંધોમાં તિરાડ નહીં પડે તે માટે ન્યુમરોલોજી કરાવવામાં આવે છે.

રામાયણ અને મહાભારત જેવા મહાન ગ્રંથો વિશે તેમણે જણાવ્યું હતું કે, અંગ્રેજીમાં રામાયણ લખીએ એટલે તેના લેટર્સ એ શાંતિ, સંવેદના, વૈભવી જીવન અને સુંદરતા દર્શાવે છે. જ્યારે અંગ્રેજીમાં મહાભારત લખીએ એટલે તેના લેટર્સ એ બળવો, ભાગીદારીથી નુકસાન, વિશ્વાસઘાત અને ગેરસમજને દર્શાવે છે. તેમણે ૧ થી ૯ નંબર સુધીના લોકોનો સ્વભાવ કેવો હોય છે તેના વિશે પણ માહિતી આપી હતી. દાખલા તરીકે ૨૨ તારીખે જન્મેલા વ્યકિતના અંકનો સરવાળો ૪ થાય તો એવી ૪ નંબરવાળી વ્યકિતનો સ્વભાવ એકસરખો જ હોય છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે વ્યકિતના નામની અંદરના લેટરના વાઇબ્રેશન્સ વિશે પણ જાણકારી આપી હતી. આ વાઇબ્રેશન્સ વ્યકિતના જીવનના દરેક ઉતાર–ચડાવ માટે અસર કરતા હોય છે. આથી વ્યકિતના જીવન ઉપર પડતી તેની વિપરીત અસરને અટકાવવા માટે પણ ન્યુમરોલોજી કરાવવામાં આવે છે. તેમણે વિવિધ ઉદાહરણો થકી આ બાબતની વિસ્તૃત સમજણ આપી હતી. આથી તેમણે વ્યકિતનું એક જ નામ રાખીને તેને એ જ નામથી સંબોધવામાં આવે તેવી સલાહ આપી હતી. જેથી કરીને તેના નામની સાથે તેની જન્મતારીખને મેચ કરી તેના જીવનની વિતરીત અસરોને ન્યુમરોલોજી દ્વારા અટકાવી શકાય.

આ સેમિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. લેડીઝ વીંગના ચેરપર્સન રમા નાવડિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સેમિનારનું સમગ્ર સંચાલન લેડીઝ વીંગના સેક્રેટરી મનિષા બોડાવાલાએ તથા લેડીઝ વીંગની ભૂતપૂર્વ ચેરપર્સનોના સન્માન સમારોહનું સંચાલન સ્વાતિ શેઠવાલાએ સુપેરે પાર પાડયું હતું. લેડીઝ વીંગના જોઇન્ટ સેક્રેટરી સ્વાતિ જાનીએ વકતાનો પરિચય આપ્યો હતો. સેમિનારના અંતે ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.